

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કોરોનાનો પડ્યો પડછાયો, કાળી ચૌદસ!*
*ઘેર ઘેર ઊગી છે માયાવી કાળી ચૌદસ!*
*ઉચાટ ભર્યો ચિત્તે છવાઈ છે કાળી ચૌદસ!*
*કરોને કૃપા હનુમાનજી, કાળી ચૌદસ!*

### હાઈકુ

*કોરોના કેર*
*દુશ્મની વિના વેર-*
*ફેલાવે ઝેર...*

*ભૂલાયાં હેત*
*નાચે ભૂત ને પ્રેત -*
*થા સાવધાન!*

### ચિંતન

*તુષ્યન્તિ ભોજને વિપ્રા મયૂરા ઘનગર્જિતે ।*
*સાધવ: પરસમ્પતૌ ખલ: પરવિપત્તિષુ ॥*

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.**

**બ્રાહ્મણ ભોજનથી તૃપ્ત થઈ જાય છે, મોર વાદળોના ગરજવા પર પ્રસન્ન થાય છે. અને સજ્જન વ્યક્તિ બીજાને સુખી અને સંપન્ન જોઈને પ્રસન્ન થાય છે પરંતુ દુષ્ટ વ્યક્તિ બીજાને વિપત્તિમાં જોઈને પ્રસન્ન થાય છે.**

**દુષ્ટ વ્યક્તિનો સ્વભાવ એવો હોય છે કે તે બીજાને સુખી નથી જોઈ શકતો પરંતુ સજ્જન પુરુષ તેના વિપરીત હોય છે.**

### સુવિચાર

- પ્રશંસાના ભૂખ્યા માનવીએ, સાબિત કરે છે કે તેઓ યોગ્યતામાં કંગાળ હોય છે - **પ્લુટાર્ક**
- યે દબદબા, યે હુકુમત, યે નશા, યે દૌલતે...
  સબ કિરાયેદાર હૈ, ઘર બદલતે રહેતે હૈ... - **સુરેશ નાઈક**
- પદ અને ધન સોનેરી બેડી છે, છતાં પણ તે બેડી તો છે જ - **રાફિની**
- કેમ બોલતું તે પણ એક કળા છે અને તે યત્નપૂર્વક સંપાદન કરવી પડે છે - **કઠોપનિષદ**
- પૂર્ણ બોધના ચાર વિભાગ છે, વિવેકશીલતા, ન્યાયપ્રિયતા, વીરતા અને સદ્ચરિત્રતા - **પ્લેટો**
- ઈશ્વરની સાથે જેની દોસ્તી થઈ તેને દુનિયાની સંપત્તિની સાથે દુશ્મની થઈ જ સમજવી - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : કાનમાં એક મીલી સ્પિરીટ નાખવાથી કાનમાંથી નીકળતું પ્રવાહી બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સામાન્યત: કવિઓ, લેખકો પોતાની સર્જન શક્તિનો યશ પોતાની પત્નીને જે આપતા હોય છે એમાં પણ એમની પ્રેરણા અને પ્રોત્સાહનના કિસ્સા ઓછા હોયછે પણ સામા પક્ષના ત્રાસ અને ખરાબ સ્વભાવને કારણે ઘણા લેખનના રવાડે ચડ્યા હો છે. આજનો આ કિસ્સો ઘણી સ્ત્રીઓ માટે બોધદાયક બની રહેશે. અમેરિકન નવલકથા 'ધ સ્કાર્લેટ લેટર' (૧૮૫૦) ના સર્જક નેપેનિયલ હાર્થોનના જીવનની વાત છે. હાર્થોન એક સરકારી ઓફિસમાં કલાર્ક હતા. ઓફિસમાં ચાલતા રાજકારણનો તેઓ ભોગ બન્યા અને નોકરીમાંથી રુખસદ મળી. અચાનક આવેલા આર્થિક સંકડામણમાં તેઓ હતાશ થયા. પત્ની સમજું હતા. તેમણે નેથેલિયમને કહ્યું, 'હું આ સંકટની ઘટીમાં તમારી સાથે છું, નિરાશ ન થાઓ. મારી પાસે આવનારા છ-સાત મહિના ચાલે એટલી બચત છે. અને મને તમારી અદ્ભૂત સર્જનશક્તિ પર સંપૂર્ણ શ્રદ્ધા છે. એક નવલકથા લખી નાખો. બીજી બધી જ ચિંતા મારા પર છોડી દો. એક દિવસ તમે જરૂર સફળ લેખક સાબિત થશો.' નેથેનિયલ પર તેમના પત્નીના સકારાત્મક વલણની અદ્ભૂત અસર પડી. અને પરિણામે 'ધ સ્કાર્લેટ લેટર' નવલકથાનું સર્જન થયું અને અમેરિકાને એક ઉત્તમ સાહિત્યકાર સોંપ્યો.

# કોરોના સાથે પ્રકાશપર્વ - દિપાવલી

### તંત્રીસ્થાનેથી...

દીપોત્સવી પર્વ એ સનાતન ધર્મનાં તમામ પર્વોનું સર્વોપરિ પર્વ છે. ખરું જોતાં એ પર્વસમૂહ છે. શરદ પૂનમ પછીના પંદર દિવસો એ ચોમાસાની પૂર્ણાહૂતિના દિવસો છે. ચોમાસાના સમયને શણગારતાં પર્વો - તહેવારો છેક અષાઢી બીજથી શરૂ થાય છે અને દિવાળી ઊજવી પૂરાં થાય છે. ગુજરાતમાં તો વિક્રમનું નવું વરસ પણ દિવાળીના દિવસ પછી શરૂ થાય છે. બીજા પ્રદેશો કે જે ચૈત્રી પંચાંગને અનુસરે છે ત્યાં વર્ષ ચૈત્રી પ્રતિપદાથી શરૂ થાય છે. દીપોત્સવીની સાથે પૌરાણિક પ્રસંગો સંકળાયેલા છે. ધનતેરસના આગલા દિવસને 'વાઘબારસ' કહેવાનો રિવાજ છે, જો કે એને 'વાઘ' સાથે નહીં પણ 'વાક્' અર્થાત વાણી સાથે સાંકળીને આપણા પ્રતાપી પૂર્વજોએ સરસ્વતી વંદનાનો ઉત્સવ ગણેલો છે. ધનતેરસને પણ 'ધન' સાથે નહીં બલકે આયુરવેદના આર્ષદૃષ્ટા ભગવાન ધન્વંતરિના પ્રાગટ્યપર્વ તરીકે ઊજવવાની પ્રથા હતી - જે કાળક્રમે ધનપૂજનના આચારમાં ફેરવાઈ ગઈ છે. કાળી ચૌદશ તાંત્રિકોનું સૌથી મોટું પર્વ છે, જે ધનતેરસ અને દિવાળી જેવાં શુભ પર્વો વચ્ચે ગોઠવાઈ ગયું છે. એ કકળાટ અને કલેશમુક્તિનું પર્વ છે. દિવાળી પ્રકાશનું પર્વ છે - અંધારી અમાસની રાત્રી હજારો દીપકોથી ઝળહળી ઊઠે છે ને વિદાય લેતા વરસનો ભવ્ય વિદાય સમારંભ યોજાયો હોય એમ ફટાકડા ફોડીને તથા માંગલિક લક્ષ્મીપૂજન પૂર્વક નવા વરસને વધાવી લેવા સકળ સૃષ્ટિ સજ્જ બની જાય છે. દિવાળીની ઉજવણીનો પ્રારંભ ભગવાન રામ લંકાવિજય કરી અયોધ્યા પાછા ફર્યા એની ખુશીમાં થયેલો હોવાની વ્યાપક માન્યતા છે. અયોધ્યાવાસીઓએ તે દિવસે ઘેર ઘેર દીવા પ્રગટાવી રામચંદ્રજીના પુનરાગમનને વધાવ્યું હતું. ભગવાન કૃષ્ણે નરકાસુરની કેદમાં સબડતી નિર્દોષ રાજકુમારીઓને મુક્ત કરી અને નરકાસુરનો સંહાર કરી એ દુખિયારી યુવતીઓને સમ્માનજનક જિંદગીની ભેટ ધરી એ દિવસ 'નરક ચતુર્દશી' તરીકે ઊજવાતો રહ્યો. તાંત્રિકોએ એને સ્મશાન સાધના માટેની રાત્રી ગણી. તો વળી કાળ ભૈરવ અને હનુમાનજી જેવા પ્રચંડ શક્તિશાળી લોકદેવતાઓના ઉત્સવ તરીકે પણ એનો મહિમા થયો. જૈનોએ જેનો ઘંટાકર્ણ વીરની ઉપાસનાના દિવસ તરીકે મહિલા કર્યો. બુદ્ધિસાગર મહારાજે મહુડી ખાતે પોતાની કલ્પનાથી સર્જેલી ઘંટાકર્ણ વીરની પ્રતિમાનાં દર્શન માટે દેશવિદેશથી જૈનો અને જૈનતરો ઊમટતા રહ્યા છે. કોરોના પ્રોટોકોલ અનુસાર આ વર્ષે કાળીચૌદશની વીરપૂજામાં બસો ચુનંદા ભક્તોને જ પ્રવેશ અપાશે. વીરે દિવાળીના જ દિવસે નિર્વાણ પ્રાપ્ત કરેલું એમ મહર્ષિ દયાનંદ સરસ્વતીએ પણ દિવાળીના દિવસે જ મહાપ્રયાણ કરેલું. આણ દીપોત્સવી પર્વસમૂહ સનાતન ધર્મીઓ ઉપરાંત અન્ય ભારતીય સંપ્રદાયોમાં પણ એક યા બીજી રીતે સર્વમાન્ય મહોત્સવ ગણાતો રહ્યો છે. વિશ્વના અન્ય દેશોમાં પણ ભારતીય જનસમુદાય રંગેચંગે દિવાળી ઊજવે છે. ત્યાંના રાષ્ટ્રીય નેતાઓ હિંદુ નહીં હોવા છતાં એમાં ઉમળકાપૂર્વક ભાગ લે છે. શુભેચ્છા સંદેશા આપે છે. આ વર્ષે દિવાળી ફિક્કી રહે તે સ્વાભાવિક છે. કારણ કે એ કોરોનાના કાળઝાળ પડછાયા હેઠળ ઊજવવાની છે. કોરોનાથી મોટી 'કાળી ચૌદશ' હોઈ શકે ખરી? એ કાળી ચૌદશ છેલ્લા મહિલાઓથી આપણા શિરે છવાયેલી છે. જો કે માનવીનું મન આવા તહેવારો વખતે ઝાલ્યું રહેતું નથી. એટલે સરકારી પ્રતિબંધો અને તજજ્ઞોની લાખ ચેતવણીઓ છતાં લોકો કોરોના કી ઐસી-તૈસી કરી બજારોમાં ખરીદી કરવા ઊમટ્યા છે અને સંક્રમણ વધવાની દહેશત વચ્ચે નવા વરસની વધામણી માટે સજ્જ થઈ રહ્યા છે. સૌને દીપોત્સવી પર્વ નિમિત્તે 'ગાંધીનગર સમાચાર' - પરિવાર અંતઃકરણની શુભેચ્છાઓ પાઠવે છે.

# ચાય સે જ્યાદા સાલા કિટલી ગરમ હૈ

**ચાય સે જ્યાદા સાલા કિટલી ગરમ હૈ**

**- હેરાફેરી**



**ડાયલોગથી દેવભાષા**
**ડો. જય ઓઝા**

ઈ.સ. ૨૦૦૦માં આવેલી 'હેરાફેરી' ફિલ્મ બોલીવુડની સુપરહીટ કોમેડી ફિલ્મ કહેવાય છે. પ્રિયદર્શન દિગ્દર્શિત આ ધમાલ ફિલ્મમાં પરેશ રાવલ, અક્ષય કુમાર અને સુનિલ શેટ્ટીની ત્રિપુટીએ પરખાટ મચાવ્યો હતો. તેમાં પણ 'યે બાબુરાવ કા સ્ટાઈલ હૈ રે...' કોણ ભૂલી શકે?

આપણા ગુજરાતી સંવાદ લેખક નિરજ વોરાએ લખેલા ફિલ્મના સંવાદો-એકોક્તિઓ આજે પણ લોકજીભે રમે છે. ઉપરોક્ત સંવાદ આમ તો ઘણી બધી ફિલ્મોમાં બોલાઈ ગયો છે, અને આપણે પણ આ પંક્તિને મુહાવરાની જેમ વારંવાર ઉપયોગમાં લઈ છીએ. 'હેરાફેરી'માં સ્નેહલ દાબી આ સંવાદ અસરાનીને કહે છે પરંતુ વાસ્તવિક જગતમાં પણ આપણે વારંવાર આ ડાયલોગ સરકારી બાબુઓના ચમચા, કડછી, વાટકાઓ માટે વાપરતા હોઈએ છીએ...

પરંતુ મિત્રો મજાની વાત એ છે કે, આ સમસ્યા આજની નથી, હજારો વર્ષો પહેલા આશરે સાતમી શતાબ્દિમાં થઈ ગયેલા સંસ્કૃત ગદ્યકવિ બાણભટ્ટે તેમની અમર કૃતિ 'કાદમ્બરી'માં આ જ પ્રકારની પંક્તિ લખી છે.

**અન્યમાલ્લબ્ધપદો નીચઃ પ્રાયેણ દુ:સહો ભવતિ ।**
**રવિરપિ ન દહતિ તાદૃગ્ યાદૃગ્ દહતિ વાલુકાનિકરઃ ॥**

બીજાની ભલામણથી મળેલ નોકરી-પદ પ્રતિષ્ઠા વાળો નિમ્ન વ્યક્તિ ભયંકર હોય છે, જેમ કે સ્વયં સૂર્યનો તાપ પણ એટલો નથી દઝાડતો જેટલી સૂર્યની ગરમ થયેલી રેતી દઝાડે છે.

સીફારશી - લોકો અને પદને યોગ્ય ન હોવા છતાં ઓળખાણથી બની બેઠેલા ચા કરતા કીટલી ગરમ સમાન કીટલી જેવા લોકોની સમાજમાં અછત નથી... આપણે ભલે બૂમો મારીએ કે આજકાલ ભલામણોનો દોર ચાલ્યો છે, અને સ્વપરિચિત લાયકાત વગરની કેટલીય કીટલીઓ સિસ્ટમમાં ઘૂસી ગઈ છે... પરંતુ મિત્રો... આજથી ૧૩૦૦ વર્ષ પહેલાં પણ આ જ પરિસ્થિતિ ત્રસ્ત સંસ્કૃત સાહિત્યના ગદ્યસમ્રાટે ઉપરોક્ત સંવાદ લખવો પડ્યો, તે શું દર્શાવે છે! બીજી બધી વાત જવા દો બાણભટ્ટનો આ શ્લોક દર્શાવે છે,

'બાણોચ્છિષ્ટં જગત્ સર્વમ્' - આપણે કહીએ કે સંસ્કૃતભાષા ઉચ્છિષ્ટં જગત સર્વમ્ - કેમ ખરું ને!

- jayuoza@gmail.com, Mo.9898046488

# ફાધર વાલેસને શ્રદ્ધાસુમન

'વૃત્તસંચય'



**સાહિત્ય વૃત્ત**
**મૂળજીભાઈ પરમાર 'દધિ'**

● જન્મભૂમિ સ્પેનના લોગ્રોનામાં તા.૪-૧૧-૧૯૨૫ ના રોજ જન્મ ધરી, તા.૧-૫-૧૯૬૦ના રોજ ગુજરાતના સ્થાપના દિને, ગુજરાતમાં આવી, કર્મભૂમિ ગુજરાતને બનાવી જીવેલા, ગુજરાતના એક પનોતા પુત્ર અને ગુજરાતી પ્રજાના અદના લોકસેવક, ફાધર વાલેસ (કાર્લોસ ગોન્ઝાલેઝ વાલેસ એસ.જે.)નું તા.૮-૧૧-૨૦૨૦ના રોજ સ્પેનમાં દેહાવસાન થયું. તેઓએ સને ૧૯૬૦ થી ૧૯૮૨ સુધી અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં, ગણિતના અધ્યાપક તરીકે સેવા બજાવી હતી.તેઓ ક્યારેક ચાલતા તો ક્યારેક સાયકલ પર જતા હતા. પાંચ વર્ષ માટે માસિક 'કુમાર' માં લખ્યા બાદ, 'ગુજરાત સમાચાર'માં 'નવી પેઢીને'- સમધિ નામે કોલમ લખી,જે યુવા પેઢીને આકર્ષવામાં સફળ રહી. ઊગતી પેઢી માટે તેમને સતત ચિંતા અને લાગણી હતાં. શબ્દલોક, સદાચાર, તરુણાશ્રમ, ગાંધીજી અને નવી પેઢી, સહિત અનેક પુસ્તકો લખ્યાં અને વિદેશી ભાષામાંથી ગણિતનાં મહત્વનાં પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ કર્યો. ગુજરાતી ભાષામાં નોંધપાત્ર અને માતબર પ્રદાન કરી, ગુજરાતી ભાષા સાહિત્યને સમૃદ્ધ કરનાર, એક સવાયા ગુજરાતી તરીકે જાણીતા થયા. ગુજરાતી ભાષામાં ઉત્કૃષ્ટ સાહિત્ય સર્જન માટે સને ૧૯૬૬માં 'કુમાર ચંદ્રક' અને સને ૧૯૭૮ માં 'રણજિતરામ સુવર્ણચંદ્રક' મળ્યા હતા. ૧૯૯૫માં 'કાકાસાહેબ કાલેલકર એવોર્ડ'થી પણ વિભૂષિત કરાયા હતા. સર્વધર્મોમાં આંતરરાષ્ટ્રીય સંવાદિતા પ્રસ્થાપિત કરવા માટે, સને૧૯૯૭માં 'રાધાકૃષ્ણ એવોર્ડ' એનાયત કરાયો હતો. ૧૯૯૯માં ૭૪ વર્ષની વયે, સ્પેનિશ અને અંગ્રેજી ભાષામાં પોતાની વેબસાઈટ શરૂ કરી હતી. આમ ગુજરાતી ભાષાને આત્મસાત કરી, યુવાનોના પ્રેરણાદાયક, જીવનનો મર્મ સમજાવનાર, એક સત્યનિષ્ઠ માનવ, સફળ અધ્યાપક, સવાયા ગુજરાતી અને સંપૂર્ણ ભારતીય, ધર્મે ખ્રિસ્તી પણ વાણી-વિચારે વૈષ્ણવજન એવા, ફાધર વાલેસના જવાથી ગુજરાતને સાહિત્યક્ષેત્રે મોટી ખોટ સાલશે.સદગત પુણ્યાત્માને ભાવભીની શ્રદ્ધાંજલિસહ, શ્રદ્ધાસુમન અર્પણ. muljibhaidadhi@gmail.com, (M)9824236893

# ભારતીય સંસ્કૃતિના વરેણ્ય મનીષી : આચાર્ય ક્ષિતિમોહન સેન



**ક્ષણના ચણીબોર**
**વી. એસ. ગઢવી**

આચાર્ય ક્ષિતિમોહન સેન (૧૮૮૦-૧૯૬૦)ના જીવન તથા તેમના અમૂલ્ય પ્રદાનમાં અનેક વિશિષ્ટતાઓ છે. તેઓ એક આજીવન અધ્યાપક હતા. અનેક સ્થળોએ ફરીને માનવજીવનને નજીકથી નીરખનાર તથા પારખનાર અઠંગ મુસાફર હતા. તેઓ પોથી પંડિત ન હતા પરંતુ બાઉલો તથા સાધુ સંતોની સંગતમાં રહીને તેમની વિદ્યાઓની જાણકારી મેળવનાર આજીવન ઉપાસક હતા. પંડિત ક્ષિતિમોહન સેનના જગપ્રસિધ્ધ દૌહિત્ર તથા નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર અમર્ત્ય સેનને આપણે જાણીએ છીએ. અમર્ત્ય સેન પોતાના નાના વિશે લખતા કહે છે : '' તેઓ એક તરફ મારા માતામહ હતા તો બીજી તરફ શિક્ષક અને ઉપદેશક. બાલ્યાવસ્થામાં તેઓના સાહચર્યને લીધે હજાર હજાર રીતે લાભાન્વીત થયો છું. '' કવિગુરુ ટાગોર સાથેજ શાંતિનિકેતનના ઊંડા અને મજબૂત પાયા નાખનાર પંડિતજીના શાંતિનિકેતન સાથેના સબંધો સહિતનું જીવનચરિત્ર પ્રણતિ મુખોપાધ્યાયે લખેલું છે અને સાહિત્યકારોના વર્તુળમાં જાણીતું છે. તે પુસ્તકનો ગુજરાતી અનુવાદ ''ક્ષિતિમોહન સેન અને અર્ધશતાબ્દીનું શાંતિનિકેતન'' સ્વરૂપે પ્રકાશિત થયો છે. આ પુસ્તકનો મોહનદાસ પટેલે કરેલો ગુજરાતી અનુવાદ ગુજરાત સાહિત્ય અકાદમીએ પ્રકાશીત કરીને સુંદર કામ કરેલું છે.

એ બાબત સર્વસ્વીકૃત છે કે ક્ષિતિમોહન સેન એ કવિગુરુ ટાગોરના હાથે થયેલું એક એવા વ્યક્તિત્વનું ઘડતર છે કે જેનો લાભ જગતને થયો છે અને થતો રહેવાનો છે. લેખિકા પ્રણતિ મુખોપાધ્યાય લખે છે કે : ''ક્ષિતિમોહન જે ખાલી પગે હાથમાં પુસ્તકો તથા કાગળોની થેલી લટકાવીને પચાસ વર્ષ સુધી શાંતિનિકેતનના રસ્તા ઉપર ફર્યા.'' શાંતિનિકેતનના લેન્ડસ્કેપનો જાણે કે તેઓ અભિન્ન ભાગ હતા. જોકે સેનનો બાલ્યકાળ મહદ્અંશે કાશી (બનારસ)માં ગયો. તેઓ અવારનવાર કહેતા : ''અમે તો કાશીના માણસ અર્થાત્ પ્રવાસી બંગાળી'' તેઓના પિતામહ કાશીમાં નિવાસ કરે છે તેનું કારણ આપતાં પંડિતજી જણાવે છે કે પિતામહ એક શાસ્ત્રોના જ્ઞાતા તરીકે પ્રતિષ્ઠા ધરાવતા હતા. કાશીમાં નિવાસી કરવના હેતુથી તેમણે વતન છોડી કાશી તરફ પ્રયાણ કર્યું. કાશીમાં દેહ છોડનાર માનવીની મુક્તિ થાય છે તેવી એક વાત પણ સુપ્રસિધ્ધ હતી. પિતામહને જોકે મુક્તિના દ્વારમાં પ્રવેશ મેળવતા પહેલા કાશીમાં ૨૫ વર્ષ સુધીનું જીવન વ્યતિત કરવું પડ્યું. આચાર્ય સેનના પિતા ભુવનમોહન ચિકિત્સક હતા. પંડિતજી તેમના માતા દયામયીથી પ્રભાવીત હતા. પંડિતજીના પિતા વગેરે રૂઢિચૂસ્ત વિચારધારા ધરાવનારા હતા. તેની સામે તેમના માતાનો પરિવાર સુશિક્ષિત હતો. તે સમયના સમાજનું ચિત્ર પણ પંડિતજીના પોતાના મોસાળ પરિવારના વિવરણમાંથી મળી શકે છે. પંડિતજીના મામાઓ ઉચ્ચ શિક્ષણ માટે વિલાયત ગયા હતા તેથી રૂઢિચૂસ્ત સમાજે તેમને નાત બહાર મૂક્યા હતા. દૈનિક જીવનમાં આથી અનેક નાની મોટી અગવડો તેમણે ભોગવવી પડતી હતી. પંડિતજીના મામાઓ જોકે 'પ્રાયશ્ચિતલ્લ કરીને તથા નાતને રીઝવીને નાતમાં પાછા આવ્યા. પરંતુ પંડિતજી લખે છે કે માતા કદી આ પ્રાયશ્ચિતની પ્રક્રિયા કરવા રાજી ન થયા. તેઓ મક્કમ મનોબળ ધરાવતા હતા તેમજ આવી રૂઢિને અસંગત ગણતા હતા. આવી મક્કમતા બતાવવા માટે તેમણે અનેક સામાજીક અગવડો દ્રઢતાથી ભોગવી હતી. ક્ષિતિમોહન પર માની માનીઆ દ્રઢતાનો ઊંડો પ્રભાવ હતો.

ક્ષિતિબાબુ નાનપણથી જ સાધુ - સન્યાસી તેમજ હરિના ભક્તો તરફ વિશેષ ખેંચાણનો ભાવ અનુભવતા હતા. કાશી તરફના તેમના અદમ્ય આકર્ષણનું આ એક મહત્વનું કારણ હતું. ચાર પાંચ મિત્રોનું તેમનું જૂથ સાધુ - સન્યાસીને શોધી તેમની સાથે વાત કરવા તેમજ પરિચય કેળવવા દૂર દૂર સુધી ધીરજ રાખીને જતા હતા. ક્યારેક કોઈ વિખ્યાત સાધુની અંતરંગ મુલાકાતથી તેમને નિરાશા પણ થતી હતી. જ્યારે કેટલાક ઓછા જાણીતા સાધુઓમાં તેમને અનેક વિશેષતાઓ જોવા મળતી હતી. કબીર સાહેબ તેમજ બાઉલોની અનેક રચનાઓ ક્ષિતિબાબુના લખાણો થકી આપણાં સુધી પહોંચી શકી છે. આ બધા સાહિત્ય સંગમની ઘટનાઓમાં રવીન્દ્રનાથની સાહિત્યીક કૃતિઓ તેમના ધ્યાનમાં આવી ત્યારથી તેઓ કવિગુરુના આજીવન ભક્ત બની ગયા અને તેનું સતત ખેંચાણ હમેશ માટે અનુભવતા રહ્યા. તેઓ કહેતા : ''સંતવાણી તો શત શત વર્ષો પુરાણી પરંતુ રવીન્દ્રનાથ તો જીવંતલ્લલ્લ બંગ સાહિત્ય તથા કવિગુરુ સાથેના તેમના દીર્ઘ જોડાણની વાત જાણીતી છે. પંડિતજીને કાશીમાં સ્વામી વિવેકાનંદના કંઠે સુમધુર રવીન્દ્ર સંગીત પાન કરવાનો લહાવો મળ્યો હતો. કાશીમાં સ્વામીજી જેટલા દિવસ રહ્યા તે દિવસોએ લગભગ દરેક સાંજે તેમને સ્વામી વિવેકાનંદના કંઠે રવીન્દ્ર સંગીત સાંભળવાનો લહાવો મળ્યો. કાશીમાં હતા ત્યારથીજ બાઉલો તેમજ બાઉલ ગાન સાથે તેમનો પરિચય દ્રઢ થતો ગયો. કાશીના મંદિરોના પગથિયા પર બેસીને સંગીતનો રંગ જમાવતા બાઉલોને તેમણે આકંઠ માણ્યા. આ બધા બાઉલગાનો તેમણે પાછળથી રવીન્દ્રનાથને સંભળાવ્યા હતા. ઓકસફર્ડ યુનિવર્સિટીમાં નિમંત્રણથી કવિગુરુએ જે પ્રવચનો કર્યા તેમાં આ બધા બાઉલગાનોના અનુવાદનો ઉપયોગ કર્યો હતો તેમ નોંધાયું છે. શાંતિનિકેતનમાં તેમણે ગુરુદેવની હાજરીમાં ૩૪ વર્ષ ગાળ્યા. ગુરુદેવની વિદાય પછી અઢાર વર્ષ તેમણે ત્યાંજ ગાળ્યા.

માર્ચ-૧૯૬૦માં આચાર્ય ક્ષિતિમોહન સેને આ દુનિયામાંથી મહાપ્રયાણ કર્યું. અનેક વિદ્વાનોએ લખ્યું કે ક્ષિતિબાબુની ખાલી જગા ભરાશે નહિ. બંગાળને પોતાના જ્ઞાનના ઐશ્ચર્યથી સમૃધ્ધ બનાવનાર ક્ષિતિબાબુનું યોગદાન અમૂલ્ય છે. જીવનભર કવિગુરુ ટાગોર તરફ તેમના શ્રધ્ધા અને ભક્તિ મજબૂત રીતે રહ્યા. કવિગુરુનો અગાધ સ્નેહ પામ્યા. શાંતિનિકેતનમાંજ ઓતપ્રોત થઈને ભળી ગયા.

# રોટળો રળી ખાવો - એ ગાંધી કેળવણી વિચાર નહીં



**ગાંધી ૧૦૦**
**ડો. રાજેન્દ્ર જાની**

કેળવણીમાં કોઈ ચોક્કસ પદ્ધતિ હોવી જોઈએ. એવો તાત્ત્વિક ચર્ચા સાથે યુરોપે કેળવણીની પદ્ધતિ પર ધ્યાન આપ્યું હતું. પંદરમી અને સોળમી સદીમાં પુનરુત્થાન અને ધાર્મિક સુધારાઓની ચળવળ શરૂ થઈ તેમાં પણ કેળવણીની પદ્ધતિનો સંદર્ભ જોઈ શકાય છે. તો એ પછી આવેલા નવા આર્થિક અને રાજકીય વિચારો સાથે પણ કેળવણીનો સીધો સંબધ હતો એમ જોઈ શકાય છે. એ સાથે જ વિજ્ઞાનો વિકાસ પામ્યા હતા. તેમાં પણ આ બાબત જોવા મળે છે. એ સમયગાળામાં સૌથી વધુ ભૌતિક વિજ્ઞાને પ્રગતિ સાધી હતી. ભૌતિક વિજ્ઞાન વ્યક્તિને કેન્દ્રમાં વધુ રાખે જયારે અર્થશાસ્ત્ર અને રાજનીતિ-શાસ્ત્ર જેવા સામાજિક વિજ્ઞાનો સમાજના હિત પર વધુ લક્ષ્ય આપે છે આર્થિક સુધારાઓ અને પ્રગતિ જેમ જેમ વધુ આગળ ચાલી તેમ તેમ કેળવણીનો હેતુ વધારે સ્પષ્ટ રીતે વ્યક્તિ સાથે નિસ્બત ધરાવતો થઈગયો. કેળવણીનો હેતુ તમામ વિચારકોમાં એક બાબતે સ્પષ્ટ અને સમાન બન્યો. કેળવણીનો હેતુ સમાજના આર્થિક, સામાજિક અને રાજકીય જીવનમાં પૌતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરવા માટે વ્યક્તિ કરવાનો છે. એ બાબત સર્વ સ્વીકૃત બનતી ચાલી. અગાઉ કેળવણી વિશે જે માનવામાં આવતું હતું એમાં બદલાવ આવ્યો છે. પહેલાનાં સમયમાં કેળવણી આધ્યાત્મિક જીવન કે મૃત્યુ પછીના જીવન માટેની તૈયારી રુપ મનાતી હતી. એ માન્યતા બંધ થઈ ગઈ. વર્તમાન અને ભવિષ્યના સંદર્ભમાં કેળવણીનો હેતુ હવે વ્યક્તિને સમજદાર તેમજ ઉપયોગી નાગરિક બનાવવાની તાલીમ આપવાનો છે.

કેળવણીનું કામ વ્યક્તિને કેળવવાનું તથા તેનો વિકાસ સાધવાનું છે. પરંતુ માનવ વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ સમૂહમાં જ– અર્થાત કોઈ પણ પ્રકારના સમાજમાં જ રહીને પ્રાપ્ત કરી શકે છે. કોઈ નિર્જન સ્થાનમાં રહીને તે વિકસી ન શકે. સામાજિક ભૂમિકા વિના માનવવિકાસ સંભવિત નથી. કેઈ વ્યક્તિ જગતનો ત્યાગ કરી તપસ્વી-સંન્યાસી બની જાય છે, તે પણ તે અમુક પ્રકારની સામાજિક વ્યવસ્થાની ભૂમિકા ઉપર રહીને જ તેમ કરે છે. તેનો સંન્યાસ, પિોતે જ જે ઉચ્ચ કોટીને હોય તે, કોઈ સામાજિક હેતુસર જ હોય છે. માત્ર સંન્યાસ લઈને નિવૃત્ત થવાનું શેડા વખત પૂરતું અમુક પ્રકારની વિશિષ્ટ સાધનાને અર્થે હોય તે જુદી વાત; બાકી, તેની પાછળ કોઈ અંતિમ સામાજિક તું ન હોય, તે તેને અંગત સ્વાર્થનું કૃત્ય જ ગણી કાઢવું જોઈએ; ભલે પછી તે ધર્મવ્યવસ્થામાં માન્ય ગણાતું હોય. કારણ કે તે વસ્તુ તે કાંઈ પણ બદલે આપ્યા વિના સમાજનું એક પ્રકારે

### વર્તમાન કેળવણી પદ્ધતિમાં સામાજિક હેતુ ઓછો જણાય છે

હળવું પણ ચવાપણું જ છે. સંન્યાસીનું જંગલનું જીવન પણ સમાજને લીધે શક્ય બનતું હોય છે. તેના વિના તેને આવશ્યક એવું શારીરિક, માનસિક કે નૈતિક પિષણ પણ ન મળે. તેથી કરીને દરેક સાચે સંન્યાસી પૂર્ણતા અને આત્મ સાક્ષાત્કારનું લક્ષ રાખવા ઉપરાંત ઉદાહરણ અને ઉપદેશ દ્વારા સમાજ સેવાનું ધ્યેય પોતાની સામે રાખે જ છે. તેનો સંન્યાસ વ્યક્તિ તેમ જ સમાજ બંનેને અર્થે હોય છે.બુદ્ધ, ઈસુ ખ્રિસ્ત અને રામકૃષ્ણ જેવા મહાપુરુષોનો સંન્યાસ એ જાતનો હતો. એ પોતાની જાતને પૂર્ણ કરવાની એક પ્રકારની સાધનારૂપ હતો, જેથી કરીને તેઓ સમાજને વધુ અસરકારક રીતે દોરી શકે.

સાચી વાત એ છે કે, વ્યક્તિ અને સમાજને માત્ર સિદ્ધાંતમાં જ અલગ પાડી શકાય. પ્રત્યક્ષ જીવનમાં તે તે બંને ભેગાં તથા એકબીજાથી સંબદ્ધ જ હોય છે. એ બેના અરસપરસ સંબંધની ઉપેક્ષા વ્યક્તિ તેમ જ સમાજને જોખમાવીને જ થઈ શકે; તથા એકના ઉપર વધારેપડતે ભાર મૂકવાનું પણ બીજાને ભોગે જ થઈ શકે. બેમાંથી ગમે તે એક ઉપર એ ભાર મૂકે એ સાચી અને કાયમી સંસ્કૃતિ માટે જોઈતી સમતુલાને નાશ કરવા બરાબર જ થાય. જગતનાં દુઃખને માટે ભાગ આ સમતુલાના નાશને આભારી છે. કેટલીક વાર વ્યક્તિ પિતાની ગેરશિસ્તભરી વર્તણૂકથી સમાજમાં અંધાધૂંધી પ્રવર્તાવી મૂકે છે, તે બીજી વાર સમાજ વ્યક્તિને એટલી તે કચરી નાખે છે કે, તેનામાંથી જાતે કાંઈ નવું શરૂ કરવાની શક્તિ કે વૃત્તિ તેમ જ તેનું વ્યક્તિત્વ ચાલ્યાં જાય છે, અને તે માત્ર એક જડ યંત્ર બની જાય છે. માનવજાતિ હંમેશાં વ્યક્તિ અને સમાજરૂપી આઘાત-પ્રત્યાઘાતની વચ્ચે ઝોલાં ખાતી જ રહી છે. તે બે વચ્ચે સારો સમન્વય કદી સધાયો હશે તોય તે ટૂંકજીવી જ રહ્યો હશે.

તેથી કેળવણીએ જે અસરકારક તથા ફલપ્રદ નીવડવું હોય, તે વ્યક્તિ તેમ જ તેની આવશ્યકતાઓ તરફ ઉપેક્ષા કર્યા વિના તેણે સામાજિક ભૂમિકાવાળી તથા સામાજિક હેતુવાળી બનવું જોઈએ. પ્રાચીન ચીની ઋષિ અને ફિલસૂફ કોન્ફ્યુશિયસ કેળવણું અને સમાજ તેમ જ વ્યક્તિના જીવન વચ્ચે સંબંધ આ રીતે નિરૂપે છે: ''ઈશ્વરે જે બયું છે, તે કુદરત છે; એ કુદરતને અનુરૂપ થવું એ કર્તવ્યમાર્ગ છે. એ માર્ગની દોરવણી એ શિક્ષણનું કામ છે.'' હવે ''કર્તવ્ય'' તે વૈયક્તિક તેમ જ સામાજિક એમ બે પાસાવાળી વસ્તુ છે જ. છેક આધુનિક સમયમાં આવીએ તે પ્રે. જેન ડયૂઈ કેળવણીની વ્યાખ્યા કરતાં કહે છે કે, કેળવણી એટલે, ''અનુભવના પુનઃસર્જનની પ્રક્રિયા. અર્થાત વ્યક્તિને તેની શક્તિઓ ઉપર વધુ સારો કાબૂ આપીને તેના અનુભવને વધારવા દ્વારા તેને વધુ સામાજિક મૂલ્ય આપવાની પ્રક્રિયા.' વળી પ્રો. જેમ્સ કેળવણીની એવી વ્યાખ્યા આપે છે કે, કેળવણી એટલે કાર્ય કરવાની પ્રાપ્ત કરેલી ટેવોનું એવું સંગઠન કે જેથી વ્યક્તિ પોતાની પાકૃતિક તેમજ સામાજિક પરિસ્થિતિમાં બરાબર ગોઠવાઈ રહે.'

હિન્દુસ્તાનની અત્યારે ચાલતી કેળવણીની યોજનામાં સામાજિક હેતુ ઓછો રહેલો છે. ગાંધીએ આ બાબતને લક્ષમાં લઈને કેળવણીનો સમગ્ર ઢાંચો નૂતન અભિગમથી આત્મસાત કરવાનં સપનું ભારત એટલે રોજગારી - નોકરી કે રોટલો રળવાની. આજિવિકા એવો અર્થ કાઢવામાં આવે છે એવો સંકુચિત અર્થ ગાંધીની કેળવણી વિચારમાં નથી.